**નગરમાં આતંક શરૂ થયો છે. એક ફાંસીગર રાતની વેળા એકલી સ્ત્રીનું ગળું ભીંસી દઈને કોઈ એને મારી નાખે છે. બબ્બે પત્નીઓ જેનાથી હિંસાને મુદ્દે છૂટી થઈ છે એવા એક જુવાન તરફ શંકા જાય છે... મામલો અજય વર્માને સોંપાય છે અને એ વિવિધ પાત્રોની મુલાકાત લે છે...**

# તમેય દેખાવ છો અસલ અરબી ઘોડા જેવા!

**ફાંસીગર-4**

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા




અજયને જગત રામાણીની મુલાકાત એના આઈસ્ક્રીમ પાર્લર પર થઈ હતી. યોગેશ રામાણી એના કામના સ્થળ પર મળ્યો હતો. રાગિણીને મળવા એ લોકોને બંગલે જવાનું હતું. એનું બરાબર સરનામું પૂછીને એ પહોંચી ગયો.

એણે જોયું કે સાઠના દાયકા અગાઉનું આ મકાન હતું. એ વર્ષોમાં તળ શહેરની બહાર કોઈ પણ મકાન ચારસો વારથી નાના પ્લોટમાં બનાવી ન શકાય, એવો મ્યુનિસિપલ કોર્પોરેશનનો નિયમ હતો. એટલે રીતસર બંગલા બનાવવા પડતા. નાનું મકાન બનાવી ન શકાતું. આ જગા જગને જૂના માલિક પાસેથી ખરીદી હશે. હવે વિસ્તાર પામીને બંગલો ખાસ્સો મોટો થઈ ગયો હતો.

અજયે બારણાની બાજુની વીજળીની ઘંટડીની સ્વીચ દબાવી. બારણું તરત ઊઘડ્યું. સામે દેખાઈ પૂરા 165 સેન્ટીમીટર ઊંચાઈની, ભારેખમ શરીરવાળી અને બોયકટ વાળવાળી એક સ્ત્રી. એ ભારે હતી પણ જાડી નહોતી. એની ઢળતાં પોપચાંવાળી આંખો, મોટા હોઠ, શરીરને ઉભાર આવે એવી આકારની બ્રાની પસંદગી... બધાં જ લક્ષણો એને શિકારીની સંજ્ઞા આપતા હતા. આની આગળ ઢીંચકો જગલો તો શિયાળવા સરખો લાગે. એણે અજયને આવકારીને અંદર બોલાવ્યો. પછી બારણું બંધ કરીને એણે અજયને એક સોફા પર બેસાડ્યા. પોતે સામા સોફા પર બેસીને આગળ નમીને હાથ જોડીને બેઠી. અજયે બીજી જ ઘડીએ એના તરફથી નજર ખસેડી લેવી પડી.

'તમને કોઈ સિંધી ન કહે,' અજયે રાગિણીની ઊંચાઈને સંદર્ભે ટકોર કરી.

'બરોબર છે. હું પઠાણ કે પંજાબી જેવી વધારે લાગું છું.' રાગિણીએ અજયના નિરીક્ષણનો સ્વીકાર કર્યો; અને પોતાની ઊંચાઈ દેખીતી બને એ સારું એ ટટ્ટાર બેઠી. આથી હવે અજયની એના ભણી જોવાની હિંમત ચાલી.

'જગત શેઠ કહે છે કે યોગેશ અહીં હતો ત્યારે તમને અને એને બનતું નહીં ઝઘડો શાનો હતો?' એણે પૂછ્યું. 'પારકાં સંતાન ઉછેરવા હંમેશા અઘરાં હોય છે. એ સંતાન જો છ આઠ વર્ષનું બની ચૂક્યું હોય અને પછી એને ઉછેરવું પડે તો વધારે આકરું પડે છે. તમે લાખ લાલનપાલન કરો ને, તોય દોષ તમને જ મળે. બાકી, મેં તો ઘડીના છઠ્ઠા ભાગ જેટલો વખતેય એને... યોગેશને પારકો માન્યો નથી. એને મેં મારા પડખામાં સુવાડ્યો છે અને મારી થાળીમાં જમાડ્યો છે.'

'તો પછી? શું જુવાન થયો એટલે નાફરમાન બન્યો?'

'નાફરમાની એની નાનપણની આદત હતી.'

'નાનપણથી જ નાફરમાની, એમ ને?'

'હા, નાફરમાની અને રીસામણું અને કામચોર તો એવો કે... જરાક કશુંક કામ સોંપીએ તો ગાળાગાળી શરૂ કરે. ઘરનું વાતાવરણ એણે સાવ બગાડી નાખ્યું હતું. એ જતો રહ્યો ત્યારે મેં નિરાંતનો દમ ખેંચેલો.'

'એ ઘર છોડીગયો એની તમે પોલીસને ખબર આપેલી?'

'જગતે આપેલી.'

'એ તમારી સાથે લડી પડતો ખરો?'

'ખૂબ.'

'અને ત્યારે માર ફાડ કરતો?'

'એને હાથમાં ચળ તો ઘણી આવતી, પણ હિંમત ન કરતો.'

'અને બહાર મારામારી કરતો?'

'વાત જ ન પૂછો. અનેક વાર ઉઝરડા પાડીને અને લૂગડાં ફાડીને ઘેર આવતો. ગમે તેટલું પૂછીએ કે આવું શાથી થયું, પણ જવાબ જ ન આપે. મારામારી એનું રોજનું કામ હતું!'

'એટલે એ ખડતલ બની ગયો હશે, ખરું ને?'

આ આકસ્મિક પ્રશ્ને રાગિણીની માદક આંખોમાં એક ચમક આણી દીધી, તે અજયથી છાનું ન રહ્યું. 'હા, એ બહુ જલદીથી મોટો થઈ ગયો હતો. એના મડદાલ જેવા મોટા ભાઈ કરતાં તો... તમને જોઈને મને એ યાદ આવી ગયો. તમેય એના જેવા જ દેખાવ છો. અસલ અરબી ઘોડા જેવા! અને ફરી વાર રાગિણીની આંખોમાં રાગ ફેલાઈ રહ્યો. પોપચાં વધુ ઢળ્યાં.

'હં... અરબી ઘોડાઓએ રેસ જીતવાની હોય છે એ જાણો છો ને?' રાગિણીના ગર્ભિત સૂચનને પામી જઈને અજયે વાતને વાળવા કોશિશ કરી.

'અચ્છા, આવ્યા છો તો મારો સ્ટુડિયો જોતા જાવ ને!'

'તો તમે કલાકાર પણ છો, એમ ને? કઈ કળા?'

'ચિત્રકળા. અહીં અમારે જમીનની છૂટ એટલે બંગલાની પાછળ નાનો સરખો ગેરેજ સ્ટુડિયો બનાવ્યો છે. આવો ને!'

રાગિણીએ અનુનયભાવે નિમંત્રણ આપ્યું. તેનો તિરસ્કાર કરવાનો અજયને જીવ ન ચાલ્યો. એ રાગિણીને અનુસરતો, મકાનને પાછલે બારણે થઈને ગેરેજ સ્ટુડિયો તરફ ચાલ્યો. રાગિણીએ ઉત્સાહભેર ગેરેજ સ્ટુડિયોનું દ્વાર ખોલ્યું. અંદર અર્ધ-અંધકારની સ્થિતિ હતી. એટલે ફટાફટ ચાંપો દબાવીને ઝળહળ ઝળહળ દીવા ચાલુ કર્યા. એ ઝળાહળા પ્રકાશમાં અજયની ચારે બાજુ જાણે ઘોડા હણહણવા લાગ્યા. ગણ્યા ગણાય નહીં એટલા કેન્વાસ પર અનંત મુદ્રાઓમાં ઘોડા જ ઘોડા ચીતરાયેલા હતા. દોડતા, ઊછળતા, એકબીજા સાથે પડખાં ઘસતા, ફીણોટા કાઢતા, પરસેવે નીતરતા, ચમકતા, હણહણતા ઘોડા... કેટલાક કેન્વાસ પર સંવનનનો અણસાર આપતા ઘોડા પણ જોઈ શકાતા હતા. ધોળા, મરૂન, રાખોડી અને કાળા, દરેક રંગના ઘોડા હતા. પરંતુ કાળાનું પ્રમાણ વધારે હતું. કાળો રંગ વધારે ચમકતો હતો. એ રંગ કાળી ટોપી અને ચમકતા કાળા જાકિટવાળા પુરુષોના બેત્રણ કેન્વાસ સાથે એકરૂપતા સર્જતો હતો.

અજય શક્તિના ધોધોને મંત્રમુગ્ધ બનીને નિહાળી રહ્યો. દરેક કેન્વાસ ઉત્તમ ચિત્રકળાના નમૂનારૂપ હતો. એક એમેચ્યોર ચિત્રકાર ગૃહિણી પણ આટલાં જીવંત ચિત્રો બનાવી શકે... દરેક ઘોડો જાણે દોડતો લાગે, પરસેવે નીતરતો લાગે... તરત જ તમારા ખભા પાછળ હાંફતો લાગે... જાણે એનું વેલ્વેટી પડખું તમારી પીઠે ઘસતો જણાય... એકદમ સાવધ બની ગયો અજય.

ઘોડાના હાંફ અને સ્પર્શની એની કલ્પના વાસ્તવ બની ગઈ હતી. રાગિણી એની પાછળ એવી રીતે ઊભી હતી કે એનો શ્વાસ અજયની ગરદન પર ગરમાટો ફૂંકતો હતો અને એની કાયાના વળાંકો અહીં-તહીં સ્પર્શતા હતા.

**ઘોડાના હાંફ અને સ્પર્શની એની કલ્પના વાસ્તવ બની ગઇ હતી. રાગિણી એની પાછળ એવી રીતે ઊભી હતી કે એનો શ્વાસ અજયની ગરદન પર ગરમાટો ફૂંકતો હતો અને એની કાયાના વળાંકો અહીં-તહીં સ્પર્શતા હતા**

દૂર ખસી ગયો અજય. ગેરેજના બારણા ભણી ભાગ્યો. રાગિણી બોનિલ સ્વરે બોલી, 'હજુ તો ઘણું બતાવવાનું બાકી છે.'

'ઠીક છે, પણ મારે ઘણાં કામ બાકી છે... અને તમે મારા ક્લાયન્ટના પત્ની છો' કહેતા અજય ગેરેજના દરવાજાની બહાર નીકળી ગયો. રાગિણીને 'બાય' જેટલુંય કહેવા રોકાયા વગર ધક્ધક્ દિલે બહાર ભાગ્યો.

----

એ સાંજે અજયે યોગેશનું રહેઠાણ શોધી કાઢ્યું. એને બારણે ટકોરા માર્યા. બારણું તરત જ ખૂલ્યું. સામે યોગેશ ઊભો હતો અને અજય કશું બોલે છે તે પહેલાં જ યોગેશ બોલ્યો, 'ગઈ કાલે તમે ડિપાર્ટમેન્ટલ સ્ટોર પર આવ્યા હતા, ખરું ને? આજે છેક અહીં પહોંચી ગયા! વાત શી છે?'

અજયે ગજવામાંથી કાઢીને પોતાનો ઓળખપત્ર બતાવ્યો. યોગેશે એના પર નજર ફેરવી. અજયે નોંધ્યું કે ચહેરા પર સહેજ ચિંતાના ભાવ આવ્યા. પરંતુ ડરના નહીં. એ કશું છુપાવવા સાવધ બનતો પણ ન લાગ્યો. ઉલટાનું એણે કહ્યું, 'આવો, આવો, અંદર આવો. ગરીબ ઘરમાં બેસવાની સારી જગા પણ નથી. શું કરું, ક્યાંય ઠરીઠામ ન થયો. હવે તો સાવ મજૂર બની ગયો છું. આ પલંગ પર બેસો.'

'ભાઈનો ધંધો ઘણો સારો છે,' અજયે ટપકું મૂક્યું.

'અચ્છા, તો તમે મારા ભાઈને ઓળખો છો! મેં તો માન્યું કે ઈન્દોરવાળીઓના લફરામાં આવ્યા હશો.'

'કેમ, એવું શું લફરું છે?'

'એમનાં અવળાં લક્ષણ મને નાપસંદ હતાં, આમ હું ક્યારેક ગુસ્સામાં હાથ ઉપાડી બેસતો. તમે સ્ત્રીને મારવાના ગુનાના મામલામાં આવ્યા નથી?' 'એવા જ મામલામાં આવ્યો હોઉં એમ બને', અજયે ગોળગોળ જવાબ આપ્યો. પછી કહ્યું, 'ભાઈનો ધંધો સારો છે અને રાગિણી ભાભી હેતાળ-'

'ખબરદાર! એનું નામ ન લો મારી પાસે!' યોગેશ એકદમ અકડ બની ગયો. એનાં આંગળાં સળવળવા લાગ્યાં. મૂઠી ભીડાઈ ગઈ. 'પણ જગત શેઠ તો કહે છે કે ભાભીએ તમને ઉછેરીને મોટા કર્યા. ખૂબ લાલનપાલન કર્યા. ખવડાવ્યું-પીવડાવ્યું...' 'જે બકરા-પાડાને વધેરવાનો હોય એને પણ ખવડાવી-પીવડાવી તગડો બનાવવામાં આવે છે.' 'પણ આ તો ભાભી-' 'મહેરબાની કરીને આ વિષય બંધ કરો!' યોગેશ અતિશય વ્યાકુળ બની ગયો. એનો શ્વાસ જોરથી ચાલવા લાગ્યો હતો.

'પણ ભાભી...'

'ભાભી નહીં, રાક્ષસી કહો!' યોગેશે બરાડો પાડ્યો.

'સગા દીકરા બરાબર દિયરને જે ફસાવવા... પણ આ શું બોલી રહ્યો છે! આપણે આ વાત બંધ કરીએ. તમારે બીજું કશું પૂછવું છે? નહિતર જાવ!'

અજય ઊભો થયો. આવેશથી ધ્રૂજતા યોગેશને ખભે હાથ મૂક્યો. 'એવું કશું પૂછું, બસ? પરંતુ છેલ્લો એક સવાલ પૂછી લઉં. તમે નાના હતા ત્યારથી તમારા કપડાં-જૂતાં પણ ભાભી જ લાવતી?' 'હંમેશાં', યોગેશે કહ્યું. પણ પછી અજયના પ્રશ્નનું કારણ ન સમજાવાથી એ મૂંઝાયો. અજયે પણ આ મુલાકાત પર પૂર્ણવિરામ મૂકતાં 'આવજો!' કહીને વિદાય લઈ લીધી. આવેશમય યોગેશ માત્ર તાકતો રહ્યો.

- એ રાતે યુનિવર્સિટીથી આગળના એક ખુલ્લા પ્લોટમાંથી એક યુવતીની લાશ મળી આવી. ખૂની સાડા સાત આસપાસ થયું હતું. વળતી સવારે જ અજય નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈને મળ્યો અને એણે બોમ્બ વિસ્ફોટ જેવો ધડાકો કર્યો, 'દિનકર, ફાંસીગરની ઓળખ મળી ગઈ છે જા, પકડી લે!' 'પાગલ દિમાગનું જ કામ છે ને?' 'આપણે ધારીએ છીએ એના કરતાં ઘણાં વધારે દિમાગ પાગલ હોય છે, દિનકર. વાત સાચી છે! આ ફાંસી-ખેલ પાછળ પણ એક પાગલ દિમાગ કામ કરે છે.' 'ઠીક, ભાઈ; જરા કહો તો ખરા કે એ પાગલની ધરપકડ કરવા અમારે ક્યાં જવું? કોણ છે એ?'

**(વાચક મિત્રો! અજયનો જવાબ શો હશે? એ શાને આધારે અપરાધીનું નામ દેશે? જવાબ જાતે શોધશો. પછી અમારો ઉકેલ તો છે જ.)**